CHOOSE THE WORLD YOU WANT

FAIRTRADE

# આબોહવા પ્રત્યેના તમારા વચન સાથે પ્રમાણિક રહો - નાના ખેડૂતો અને કામદારોમાં રોકાણ કરો

## પ્રિય વર્લ્ડ લીડર્સ,

અમે વિશ્વભરમાં ખેતીવાડી કરી રહેલા **1.8 મિલિયન ફેરટ્રેડ ખેડૂતો અને કામદારો** વતી આ લખી રહ્યા છીએ. અમે દુનિયાભરમાં લોકોની થાળીમાં ખવાતા અન્ન, તેમજ અન્ય આવશ્યક પેદાશોનું ઉત્પાદન કરીએ છીએ. પરંતુ આબોહવા સંકટને લગતા વર્ષોના તૂટેલા વચનોને કારણે આપણા પર્યાવરણને થયેલા અવિચારી નુકસાનથી આમ કરવાની અમારી ક્ષમતાને ખરાબ રીતે નુકસાન થયું છે.

- **તમે ઉત્સર્જનને ઘટાડવાનું વચન આપ્યું હતું** જેના કારણે હવામાન ખરાબ થાય છે, જે અમારા ખેતરને એક દિવસ માટે સૂકવી નાખે છે અને બીજા જ દિવસે પૂર થી ભરી દે છે. પરંતુ ઉત્સર્જન ખતરનાક રીતે વધી રહ્યું છે જ્યારે તમારી મહત્વાકાંક્ષા ખૂબ ઓછી છે.

- તમે બદલાતા હવામાન સામે અનાજ ઉગાડવામાં અમને મદદ કરવા માટે **ક્લાઈમેટ ફાઇનાન્સ પ્રદાન કરવાનું વચન આપ્યું હતું.** પરંતુ તે પછીથી અમારા સુધી કંઇ જ પહોંચ્યું નથી.
- **તમે** શોષણકર્તાને **વ્યવસાય ભાગીદારમાં બદલવાનું વચન આપ્યું હતું.** પરંતુ શેરધારકો લાખો કમાય છે જ્યારે લાખો ખેડૂતો દિવસના એક ડોલર કરતાં પણ ઓછું કમાય છે.

તાજેતરના મહિનાઓમાં આત્યંતિક હવામાન દ્વારા પાકને ભારે નુકસાન થયું છે, જેમાં યુગાન્ડામાં વિનાશક પૂર, મેડાગાસ્કરમાં દુષ્કાળ,[ii] અને આફ્રિકન ખંડમાં તીડના આક્રમણનો સમાવેશ થાય છે.[iii] આ વર્ષે, આફ્રિકાએ જાન્યુઆરી અને જૂનમાં અત્યાર સુધીની સૌથી વધુ ગરમી અનુભવી.[iv] મધ્ય અમેરિકામાં ઈટા અને લોટા વાવાઝોડાએ એકલા હોન્ડુરાસ માં $2 બિલિયન કરતા વધુનું નુકસાન પહોચાડ્યું હતું, જેમાં ફેરટ્રેડ ખેડૂતો ખરાબ રીતે અસરગ્રસ્ત થયા હતા.[v] આઈપીસીસી ની નવી આગાહીઓ કહે છે કે ભારતમાંના અમારા સભ્યો ભારે હીટ વેવ્સ, દુષ્કાળ અને વરસાદની અનિયમિતતામાં વધારો વગેરેનો સામનો કરશે.[vi] અલબત્ત, વિશ્વની જરૂરિયાત જેટલું અન્ન ઉગાડવાની આપણી ક્ષમતા માટે આ બધું હાનિકારક છે. કારણ કે આપણી આજીવિકા આપણી ખેત પેદાશો સાથે જોડાયેલી છે, ગરીબી ફરી એકવાર આપણી વચ્ચે વધી રહી છે. પરંતુ તેની અસર ઊંડે સુધી થશે. આપણી જમીન અને પાણીને થઈ રહેલું નુકસાન સંસાધનો માટેની સ્પર્ધામાં વધારો કરી રહ્યું છે, અને ખેડૂતો અને કામદારો તરીકે આપણે સતત વધતા સામાજિક અને આર્થિક તણાવનો સામનો કરી રહ્યા છીએ.

ખેતીવાડી કરતા ઘરોમાં મહિલાઓને અપ્રમાણસર નુકસાન થાય છે, તેઓ સૌથી મુશ્કેલ પરિસ્થિતિમાં કામ કરીને ઘણી વાર સૌથી ઓછું વેતન મેળવતી હોય છે. અમારા યુવાનો આ પરિસ્થિતિઓમાં ખેતીવાડી કરવા ઇચ્છતા નથી અને તેમને કોણ દોષ આપી શકે? પરંતુ જો નવી પેઢી ખેતીમાં ગરીબીની જાળ સિવાય બીજું કંઇ ન જુએ તો દુનિયા માટે અન્ન કોણ ઉગાડશે?

બીજી એક વાત છે જે અમે કહેવા માંગીએ છીએ. વિશ્વભરના અમારા ખેતરોમાં, તમે જરૂરી હોય તેવા ફેરફારો થયેલા જોઈ શકો છો. વૃક્ષોનું વાવેતર ઘાનામાં કોકો ને સૂર્યથી અને કેન્યામાં ચા ને પૂરથી રક્ષણ આપે છે અને ગ્વાતેમાલામાં ખોરાકની વધતી પહોંચ સાથે મધમાખીઓ પૂરી પાડે છે. આફ્રિકા અને મધ્ય પૂર્વ, લેટિન અમેરિકા અને કેરેબિયન, અને એશિયા તથા પેસિફિકની ફેરટ્રેડ ટીમો ખેડૂતોને તેમના પાકને બચાવવા માટે શું કરવું જોઈએ તેની જરૂરી માહિતી શેર કરી રહી છે.

અમારા જવાબદાર ખરીદદારો સાથેની ભાગીદારી અમને અમારા ખેતરોને વધુ પરિવર્તનક્ષમ બનાવવા માટે જરૂરી રોકાણ આપી રહી છે, તેમજ પરિવહન અને ખેત ઉત્સર્જનને ઘટાડી રહી છે. જ્યારે ફેરટ્રેડ વ્યવસાયો વ્યાજબી કિંમત અને ફેરટ્રેડ પ્રીમિયમ ચૂકવીને અમારા ફ્યુચરમાં યોગ્ય રીતે રોકાણ કરી રહ્યા છે, અમારી સ્થિતિ સ્થાપકતા તો પહેલેથી જ વધી રહી છે.

પરંતુ અલબત્ત, આ આવશ્યક કાર્ય માટે નાણાંની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે, કોફીની ઝાડીઓમાં વૃક્ષો વાવવાથી તેને સૂર્યથી બચાવી શકાય છે, પાક ના રોગ અને પૂરનું નુકસાન ઘટાડી શકાય છે - પરંતુ તેનો અર્થ એ છે કે તેનો ઉત્પાદન ખર્ચ વધી જાય છે. જ્યારે ખેડૂતો આજીવિકા જેટલી કમાણી પણ નથી થતી, તો આપણે પણ આ પ્રકારના આવશ્યક ફેરફારો માટે ફાઇનાન્સ કેવી રીતે કરી શકીએ?

2050 સુધીમાં પરિવર્તન માટે બહુ મોડું થઈ જશે. શ્રીમંત, ઉચ્ચ પ્રદૂષણ ફેલાવતા દેશો તરીકે, તમારે અનુકૂલન અને શમનનો ખર્ચ ચૂકવવાના તમારા વચનો અત્યારે જ પૂરા કરવા પડશે. કાર્બન ઉત્સર્જન ઘટાડવાના તમારા વચનને હવે વધુ સમય સુધી અવગણી શકાય નહીં. અમે 'નેટ ઝીરો' વચનબદ્ધતાઓ સ્વીકારીશું નહીં જે પરિવહનમાંથી થતા કે આપણા પોતાના દેશ સહિતના અન્ય દેશોમાંથી આયાત કરેલા માલમાંથી ઉત્સર્જનની અવગણના કરે છે, અથવા જેના કારણે વાસ્તવિક ઉત્સર્જનમાં ઘટાડો થતો નથી. જો આંતરરાષ્ટ્રીય શિપિંગ ઉદ્યોગ એક દેશ હોત, તો તે વિશ્વનો સાતમો સૌથી મોટો ઉત્સર્જક હોત.[vii]

અમે તમને હમણાં જ પગલાં લેવા માટે તાકીદ કરીએ છીએ:

1. **ક્લાઇમેટ ફાઇનાન્સમાં $100bn આપવાનું તમારું વચન હવે પૂર્ણ થવું જોઇએ. તેને સીધા ખેડૂતો અને કામદારો સુધી પહોંચવાની જરૂર છે, જેથી આપણે વૃક્ષો વાવી શકીએ, વધુ સ્થિતિસ્થાપક પાક પ્રવર્તીત કરી શકીએ, આવનાર તોફાન સામે પોતાને તૈયાર કરી શકીએ - અને વિશ્વ માટે અનાજ ઉગાડવાનું ચાલુ રાખી શકીએ.**

2. **તમારે તમારા દ્વારા થતા કાર્બન ઉત્સર્જન અંગે પ્રામાણિક થવું પડશે, અને વૈજ્ઞાનિક સલાહને અનુરૂપ તેમાં કાપ મૂકવાની હિંમત બતાવવી પડશે. ખાતરી કરો કે તમારી નેટ ઝીરો પ્રતિબદ્ધતાઓમાં લક્ષ્યો અને નીતિઓ શામેલ હોય જે ફક્ત તમારા ઘરેલુ ઉત્સર્જન જ નહીં, આયાત કરેલા માલમાંથી પણ ઉત્સર્જન ઘટાડશે,[viii] અને ખાતરી કરો કે માત્ર ઓફસેટ ખરીદવાને બદલે તેમાં વાસ્તવિક કાપ થાય. તમારા રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાનમાં ઉડ્ડયન અને શિપિંગ શામેલ કરવું એ એક આવશ્યક પગલું છે જે તમારે લેવું જોઈએ. અમારો ભાગ ભજવવા માટે અમે અમારા ખરીદદારો સાથે કામ કરવા માટે તૈયાર છીએ, પરંતુ તમારે આગેવાની લેવી પડશે.**

3. **ફ્યુચર ટ્રેડ ડીલ્સ દ્વારા ટ્રેડને પ્રમાણિકપણે અને ઉચ્ચ કાર્બન ટ્રેંડમાં કાપ મૂકીને નીચા કાર્બન ઉત્પાદન સાથે ચલાવવો જોઈએ. ટ્રેડ સોદાથી જેઓ સ્થિરતા લાવવામાં અને આબોહવાની કટોકટીને સંભાળવામાં રોકાણ કરે છે, તેવા ખેડૂતો અને વ્યવસાયોને મદદ થવી જોઈએ, અને ફોસીલ બળતણના ઉપયોગને પ્રોત્સાહન આપતા રોકવું જોઈએ અને એક્સ્ટ્રેક્ટિવ, શોષણકારક બજારની ગતિશીલતાને ચલાવવાનું બંધ કરવું જોઈએ.**

4. **તમારે વ્યવસાયના નિયમોને મજબૂતી આપવી જોઈએ, જેથી વ્યવસાયો ટકાઉ સપ્લાય ચેનમાં રોકાણ કરવા, ખેડૂતોને વ્યાજબી કિંમત ચૂકવવા, અને તેમની સપ્લાય ચેનમાં પર્યાવરણને લગતા મુદ્દાઓની જવાબદારી લેવા માટે પ્રોત્સાહિત થાય. અમે પર્યાવરણલક્ષી ઉદ્યમશીલતા જોવા ઇચ્છીએ છીએ, જેથી ઉદ્યોગો વન-વિનાશને રોકવા માટે પગલાં લે - અને અમે તેનો અમલ એવી રીતે કરવા માંગીએ છીએ જેથી ખેડૂતોને બિલ ચૂકવવા ના પડે. જરૂર પડે ત્યારે, જે વ્યવસાયો તેમની જવાબદારીઓ નિભાવવામાં ઊણા ઉતરે તો તેને ફરજ પાડવા માટે તમારે તૈયાર રહેવું જોઈએ.**

**છેલ્લા બે વર્ષમાં કોવિડ -19 એ આપણી દુનિયાને તબાહ કરી દીધી છે. પરંતુ જો આપણે અત્યારે જ આબોહવા ના સંકટ પર પગલાં લેવામાં નિષ્ફળ જઈશું તો તેનાથી થનારા નુકસાનની તુલનામાં કોવિડની અસર નગણ્ય થઈ રહેશે. વિશ્વના ખાદ્ય ઉત્પાદકોના પ્રતિનિધિઓ તરીકે, અમે તમને અપીલ કરીએ છીએ કે આ ક્ષણનો લાભ લો, અમારો અવાજ સાંભળો અને સુનિશ્ચિત કરો કે અમે વિશ્વને ખવડાવવાનું ચાલુ રાખી શકીએ.**

**Signed on behalf of Fairtrade farmers and workers,**

**Mr Kouamé N'dri Benjamin-Francklin**

Producer Representative of Fairtrade Africa (FTA)

Board Member of FTA and Chairman of SCOOPS-ECAM, Yamoussoukro, Cote D'Ivoire



**Mr Miguel Munguía**

Producer Representative of Latin American and Caribbean Network of Fairtrade Small Producers and Workers (CLAC)

President of CLAC and Manager of Educe-Cooperativa



**Mr Meher Pravakar**

Producer Representative of Network of Asia and Pacific Producers (NAPP)

Board Member of NAPP and Project Director at Pratima Organic Grower Group



For more information, contact:

**media@fairtrade.org.uk**

**communications@fairtradeafrica.net**